અપીલ અરજી નં.૪૦૬ તા.૧૯–૨–૧૦

અરજદાર:– શ્રી ડૉ. માયા વલેચા
સામાવાળા:– (૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
(૨) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઈસ્ટ ઝોન
(૩) ઝોનલચીફ અને જાહેર જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડૉ. માયા વલેચાની તા.૧૬–૧–૧૦ ની અરજીથી (૧) સુરતમાં કુલ કેટલી કઈ ઝુંપડપટ્ટીઓ આજ સુધીમાં **JNNURM** નાં ઘર આપીને તોડવામાં આવી છે? (૨) કેટલી કઈ ઝુંપડપટ્ટીમાં ઝુંપડા તોડયા પછી ઘર આપવામાં આવ્યા છે? (૩) આમની દરેક ઝુંપડપટ્ટીમાં BIOMETIC SURVEY માં કેટલા HIN NO. હતાં? એટલે કેટલા ઘર (કુટુંબ) હતા? (૪) આ દરેક ઝુંપડપટ્ટીમાંથી કેટલા ઘરના રહીશો **JNNURM** નાં ઘર મેળવવા લાયક ઠર્યા? અને કેટલાને ઘર મળ્યાં? (૫) કેટલી,કઈ ઝુંપડપટ્ટીઓ એવી છે જેના માટે ડ્રો શરૂ થયા છે? પણ હજી બધાને ઘર નથી મળ્યા? આ ઝુંપડપટ્ટીઓની દરેકમાં કેટલા HIN NO. સામે કેટલા ફોર્મ અપાયા છે? આ ઝુંપડપટ્ટીઓમાં ભરાઈને આવેલા ફોર્મમાથી કેટલા લોકોને ઘર આપવામાં આવ્યા? તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૬/૨૦૦૯–૧૦

શ્રી ડૉ. માયા વલેચાની તા.૧૬–૧–૧૦ ની અરજી બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આ. ૭૦૨ તા.૧૫–૨–૧૦ થી અને ઈસ્ટઝોન વરાછા તરફથી આપેલ માહિતી અધુરી તથા સાઉથ ઈસ્ટઝોન તરફથી નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ / ૧૩૬૩ તા.૨૬–૨–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), (૨) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઈસ્ટ ઝોન (૩) ઝોનલચીફ અને જાહેર જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન) તથા અરજદારને નારાજગી અંગે જાહેર માહિતી અધિકારી દીઠ મુદ્દાવાઈઝ સ્પષ્ટતા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૩૯૭ તા.૧૨–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં સેન્ટ્રલઝોન તરફથી નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૫૫ તબદીલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર (સ્લમઅપગ્રેડેશન સેલ તરફથી નં.એસયુસી/૨૩૯૪ તા.૫–૨–૧૦ થી તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ અને અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૮૫ તા.૨૪–૨–૧૦ ના પત્રની નકલ મળેલ છે. જયારે વસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૭૨ તા.૯–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી વેસ્ટઝોનને સેન્ટ્રલઝોન/ આટીઆઈ/જાવક નં.૧૪૫૫ તા.૧૯–૧–૧૦ થી તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં. વેસ્ટઝોન/આ.નં.૭૦૨ તા.૧૫–૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલ ેટ/આરટીઆઈ/અરજી નં.૫૫૪ તા.૧૫–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૫૫ તા.૧૯–૧–૧૦ ની નકલ, અરજદારની મુળ અરજીની નકલ , કાર્યપાલક ઈજનેર (સ્લમઅપગ્રેડેશન સેલ) તરફથી પત્ર નં.એસયુસી/૨૩૬૦ તા.૫–૨–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૫૪ તા.૪–૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૬–૧–૧૦ ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિષય બાબતે માંગવામાં આવેલી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન જાહેર માહિતી અધિકારી ને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી સ ેન્ટ્રલઝોન/આટીઆઈ/જાવક નં.૧૪૫૫ તા.૧૯–૧–૧૦ થી તમામ ઝોન અને કાર્યપાલક ઈજનેર શ્રી સ્લમ અપગ્રેડેશનને તબદીલ કરવામાં આવેલ. સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસ.યુ.સી/આ.નં.૨૩૯૪ તા.૫–૨–૧૦ થી મુદ્દા નં.૧,૨ અને ૫ અંગે કાર્યપાલક ઈજનેર અને તમામ ઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૭૦૨ તા.૧૫–૨–૧૦ થી અરજદારને મુદ્દા નં.૧,૨ અને ૫ ની માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧ સુરતમાં કુલ કેટલી કઈ ઝુંપડપટ્ટીઓ **JNNURM** ના ઘર આપીને તોડવામાં આવી છે? તે બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પશ્ચિમઝોન વિસ્તારમાં ૧. ઈકબાલનગર રાંદેર ૨. જેપીનગર–૧, અડાજણ ૩. જેપીનગર–૨, અડાજણ, ૪. સુભાષનગર, રાંદેર ૫. જલારાનગર અડાજણ,૬ હનુમા ટેકરી, જહાંગીરપુરા ઝુંપડપટ્ટી **JNNURM** હેઠળ ઘર આપી સ્થળાંતર કરવામાં આવી છે. મુદ્દા નં.૨ કેટલી અને કઈ ઝુંપડપટ્ટીમાં ઝુંપડા તોડયા પછી ઘર આપવામાં આવ્યા છે.? તે બાબતે જાહેર માહિતી અધિકારીએ સુભાષનગર, ઈકબાલનગર , જેપીનગર–૧–૨, જલારામનગર, જહાંગીરપુરા, હનુમાન ટેકરી, મુદ્દા નં.૫ કેટલી કઈ ઝુંપડપટ્ટીઓ એવી છે જેના માટે ડ્રો શરૂ થયા છે પણ હજી બધાને ઘર નથી મળ્યા? આ ઝુંપડપટ્ટીઓની દરેકમાં કેટલા HIN નંબર સામે કેટલા ફોર્મ અપાયા છે ? આ ઝુંપડપટ્ટીઓમાં ભરાઈને આવેલા ફોર્મમાંથી કેટલા લોકોને ઘર આપવામાં આવ્યા? જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુભાષનગર, મેનાનગર, પાલ હળપતિવાસના ડ્રો શરૂ થયા છે. સુભાષનગર HIN નંબર–૧ થી ૨૨૮૧ પૈકી ફોર્મ પરત ૨૦૮૦ મેનાનગર HIN નંબર–૧ થી ૩૩૯ પૈકી ફોર્મ પરત ૩૨૩. પાલ હળપતિવાસ, HIN નંબર– ૧ થી ૩૧ પૈકી ફોર્મ પરત ૨૯. આવેલ ફોર્મમાંથી સુભાષનગરના લોકોને ૮૫૮ ઘર આપવામાં આવ્યા. આવેલ ફોર્મમાંથી મેનાનગરના લોકોને ૨૦૩ ઘર આપવામાં આવ્યા તેવી માહિતી પૂરી પાડેલ છે. જયારે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૮૫ તા.૨૪–૨–૧૦ થી

અરજદારને મુદ્દા નં.૧,૨ અને ૫ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં ૧. સુરતમાં કુલ કેટલી કઈ ઝુંપડપટ્ટીઓ **JNNURM** ના ઘર આપીને તોડવામાં આવી છે? તે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન લીંબાયતમાં **JNNURM** હેઠળ ડો. આંબેડકર વસાહત, મગદુમનગર, બાબનગર, મિલનનગર, મામાનગર, (માછીવાડ) અનવર નગર, ઉમરવાડા ડી ટેનામેન્ટ ઝુંપડપટ્ટીના લાભાર્થીઓને આવાસની ફાળવણી કરી તોડવામાં આવેલ છે. તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૨ કેટલી અને કઈ ઝુંપડપટ્ટીમાં ઝુંપડા તોડયા પછી ઘર આપવામાં આવ્યા છે.? જે બાબતે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ મુજબની માહિતી આપી જણાવેલ છે કે આવાસની ફાળવણી કર્યા પછી તોડવામાં આવેલ છે. આપેલ છે. મુદ્દા નં.૫ કેટલી કઈ ઝુંપડપટ્ટીઓ એવી છે જેના માટે ડ્રો શરૂ થયા છે પણ હજી બધાને ઘર નથી મળ્યા? આ ઝુંપડપટ્ટીઓની દરેકમાં કેટલા HIN નંબર સામે કેટલા ફોર્મ અપાયા છે ? આ ઝુંપડપટ્ટીઓમાં ભરાયને આવેલા ફોર્મમાંથી કેટલા લોકોને ઘર આપવામાં આવ્યા? તે જાહેર માહિતી અધિકારી તરફથી નીચે મુજબની માહિતી આપવામાં આવેલ છે.

| અ.ન | ઝુંપડપટ્ટીનું નામ | ફોર્મ ભરેલ સંખ્યા | આવાસ ફાળવણીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડો.આંબેડકર વસાહત | ૯૯ | ૮૨ |
| ૨ | મગદુમનગર | ૧૬૧ | ૧૪૪ |
| ૩ | બાબાનગર | ૧૩૩ | ૧૧૬ |
| ૪ | મિલનનગર | ૩૭ | ૨૭ |
| ૫ | મામાનગર (માછીવાડ) | ૪૦૪ | ૩૩૧ |
| ૬ | અનવરનગર | ૧૫૨ | ૧૩૪ |
| ૭ | ઉમરવાડા ડી ટાઈપ ટેનામેન્ટ | ૧૭ | ૦૫ |

વધુમાં જણાવ્યું કે વૈકલ્પિક વ્યવસ્થા પેટે આવાસ ફાળવણીની ગાઈડલાઈનના આધારભુત પુરાવા પૈકી કોઈ પણ એક રજૂ કરવું જરૂરી હોય. જે કિસ્સાઓમાં જણાવ્યા મુજબની પૂર્તતા અરજદાર તરફથી કરવામાં આવેલ ન હોય એવા અરજદારોને આવાસની ફાળ વણી કરવાની બાકી રહે છે. આ મુદ્દે ઝોનની કચેરીએ કચેરીના કામકાજના દિવસો ( રજાના દિવસો સિવાય) માં સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન શહેર વિકાસ વિભાગમાં રૂબરૂ આવી રેકર્ડ ચકાસણી કરી વિના મૂલ્યે વધુ માહિતી મેળવી શકો છો. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૫૪ તા.૪–૨–૧૦ થી મુદ્દા નં.૧ સુરતમાં કુલ કેટલી, કઈ ઝુંપડપટ્ટીઓ આજ દિન સુધીમાં ઘર આપીને તોડવામાં આવી છે? તેવા પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી એક પણ ઝુંપડપટ્ટી જેએનએનયુઆરએમના ઘર આપીને તોડવામાં આવી નથી. તેવી માહિતી પૂરી પાડેલ છે. (૨) કેટલી કઈ ઝુંપડપટ્ટીમાં ઝુંપડા તોડયા પછી ઘર આપવામાં આવ્યા છે? તેવા પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી વરાછામાં હાલ કોઈ ઝુંપડપટ્ટી તોડવામાં આવી નથી. તેવી માહિતી પૂરી પાડેલ છે. (૩) આમની દરેક ઝુંપડપટ્ટીમાં BIOMETIC SURVEY માં કેટલા HIN NO. હતાં? એટલે કેટલા ઘર (કુટુંબ) હતા? તેવા પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી કઈ ઝુંપડપટ્ટીની માહિતી જોઈએ છે તે લીસ્ટ આ સાથે સામેલ નથી તેથી કઈ ઝુંપડપટ્ટીની માહિતી આપવી તે સ્પષ્ટ જણાતું નથી. તેવી માહિતી પૂરી પાડેલ છે. (૪) આ દરેક ઝુંપડપટ્ટીમાંથી કેટલા ઘરના રહીશો **JNNURM** નાં ઘર મેળવવા લાયક ઠર્યા? અને કેટલાને ઘર મળ્યાં? તેવા પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ઝુંપડપટ્ટીનું લીસ્ટ સામેલ ન હોય કઈ ઝુંપડપટ્ટીની માહિતી આપવી તે સ્પષ્ટ થતું નથી. તેવી માહિતી પૂરી પાડેલ છે. (૫) કેટલી,કઈ ઝુંપડપટ્ટીઓ એવી છે જેના માટે ડ્રો શરૂ થયા પણ હજી બધાને ઘર નથી મળ્યા? આ ઝુંપડપટ્ટીઓની દરેકમાં કેટલા HIN NO. સામે કેટલા ફોર્મ અપાયા છે? આ ઝુંપડપટ્ટીઓમાં ભરાઈને આવેલા ફોર્મમાથી કેટલા લોકોને ઘર આપવામાં આવ્યા? તેવા પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂર્વઝોન વરાછામાં હજુ સુધી એક પણ ઝુંપડપટ્ટીમાં ડ્રો શરૂ થયેલ નથી.વધુમાં ઝુંપડપટ્ટીનું લીસ્ટ સામેલ નહોવાથી ઝુંપડપટ્ટીનું નામ આપવાથી તે અંગેની માહિતી આપવી શકય બનશે. તેવી માહિતી પૂરી પાડેલ છે.

અરજદારે તા.૧૯–૨–૧૦ થી કરેલ અપીલ અરજીમાં સા.ઈ.ઝોન/ઈસ્ટઝોન અને પશ્ચિમઝોન ૨૦૦૫ પછી ઝુંપડપટ્ટી વિશેના ડીમોલીશન અને ઘર ફાળવણી બાબતે માહિતીનો આગ્રહ રાખ્યાનું જણાવેલ છે. જેમાં તેમના તા.૧૭–૨–૧૦ ના અપેલેટ અધિકારીને લખેલ પૂરક પત્રમાં વેસ્ટઝોન અને ઈસ્ટઝોનની માહિતી અધૂરી છે તથા લીંબાયતઝોનની માહિતી મળેલ નથી તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અધૂરી માહિતી અંગે ઝોનલચીફ સાથે વાત કરતાં પૂરક અરજી આપવાનું જણાવેલ હોય તેવો પત્ર અરજદારે અત્રે રજૂ કરેલ છે. . જે બાબતે અરજદારે પૂર્વઝોનમાં તા.૧૭–૨–૧૦ પૂરક અરજીમાં તથા પશ્ચિમઝોનમાં તા.૧ ૮–૨–૧૦ થી પૂરક અરજી કરેલ છે. જેમાં તા.૧૭–૨–૧૦ ની પૂરક અરજીમાં તા.૧૬–૧–૧૦ ની અરજી બાબતે સ્પષ્ટતા કરતાં મુદ્દા નં.૧ અને ૨ ૨૦૦૫ પછીના સમયગાળાની મહારાણાપ્રતાપનગર બોમ્બેમાર્કેટ તથા અન્ય સ્થળે ઝુંપડાઓ તોડયા હોય તો મુદ્દા નં.૩ અને ૪ અંગે ઝુંપડા તોડયા તેમાં કેટલા હીન નંબર પડેલા હતા અને તેમાંથી કેટલાને ઘર મળ્યા જયારે મુદ્દા નં.૫ માં કઈ ઝું પડપટ્ટીઓને ઘર આપવાનો ડ્રો શરૂ થાય છે. અન્ય ઝોનની કાર્યવાહી થાય છે ભવિષ્યમાં તોડવાની હોય તેવી ઝુંપડપટ્ટીને ઘર આપવાનો ડ્રો શરૂ થયો છે અને વરાછાઝોનમાં આ બાબતે શું પરિસ્થિતિ છે તેવું જણાવેલ છે. તથા તા.૧૮–૨–૧૦ ની પૂરક અરજીમાં તા.૧૬–૧ –૧૦ મુળ અરજીની સ્પષ્ટતા કરતાં મુદ્દા નં.૧ અને ૨ માં ઝુંપડપટ્ટીમાં કેટલા HIN નંબર પડેલા ઘર હતા અને તેમાંથી કેટલાને ઘર મળ્યા નથી તેવી રજૂઆત કરેલ છે. તથા લીંબાયતઝોન તરફથી નં સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૮૫ તા.૨૪–૨–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારને રેકર્ડ ચકાસણી કરવા જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પણ છે. તથા વરાછાઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૫૪ તા.૪અર–૧૦ થી મુદ્દા નં.૧ થી ૫ ની મુદ્દાવાઈઝ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં વિગતવાર યાદી આપી માહિતી મેળવી લેવા પણ જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમઅપગ્રેડેશન સેલ વિભાગ તરફથી પત્ર નં.એસયુસી/ આ.નં.૨૩૯૪ તા.૫–૨–૧૦ થી અરજદારને મુદ્દા નં.૩ અને ૪ અંગે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૩ દરેક ઝુંપડપટ્ટીમાં બાયોમેટ્રીક સર્વેમાં કેટલા HIN નંબર હતાં? એટલે કે કેટલા ઘર (કુંટંબ) હતા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરમાં આવેલ ૪૦૪ ઝુંપડપટ્ટીઓનું બાયોમેટ્રીક સર્વે ઈજારાદાર શ્રી સ્માર્ટ ચીફ લી. પાસે કરાવવામાં આવેલ છે. તેઓએ રજૂ કરેલ ઝુંપડપટ્ટીના નામ બાયોમેટ્રીક સર્વે અને એન્રોલ થયેલ ઝુંપડાની યાદી દર્શાવતા સમરી રીપોર્ટના કુલ–૧૬ પાના થવા જાય છે. પાના દીઠ રૂા.૨/– ગણતા કુલ્લે રૂ઼ો૩૨/– સુરત મહાનગરપાલિકા કોઈ પણ નાગરીક સુવિધાકેન્દ્ર પર ભર્યાની અસલ રસીદ રજૂ કરવાથી આપવામાં આવશે. મુદ્દા નં.૪ આ દરેક ઝુંડપટ્ટીમાંથી કેટલા ઘર રહીશો જેએનએનયુઆરએમ –બીએસયુપી ના ઘર મેળવવા લાયક કર્યા? અને કેટલાને ઘર મળ્યા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરમાં આવેલ દરેક ઝુંપડપટ્ટી પૈકી આજ દિન સુધી સ્થળાંતર માટે પાત્રતા ધરાવતા ૩૯૫૩ લાભાર્થીઓને જેએનએનયુઆરએમ –બીએસયુપી અંતર્ગત આવાસ ફાળવવામાં આવેલ છે. આવાસ ફાળવવા માટેની લાયકાતના ધોરણો સ્થા.સ.ના ઠરાવ નં.૧૮૩૮ /૦૭ તા.૨૮–૧૨–૦૭ થી તથા ઠરાવ નં.૮૧૪ /૦૯ તા.૨–૭–૦૯ થી નકકી થયેલ છે. જેના કુલ ૧૭ પાના થવા જાય છે. પાના દીઠ રૂા.૨/– ગણતા સુરત મહાનગરપાલિકાના કોઈ પણ નાગરીક સુવિધા કેન્દ્ર પર ભર્યાની અસલ રસીદ રજૂ કરવાથી આપવામાં આવશે તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે.

આમ અરજદારને ત્રણેય ઝોન વરાછાઝોન,વેસ્ટઝોન તથા લીંબાયતઝોનની માહિતી આપ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે. જે જોતાં ત્રણેય ઝોન તરફથી તેમને સ્પર્શતા મુદ્દા નં.૧,૨ અને ૫ ની માહિતી આપવામાં આવેલ હોવાનું જણાય છે. જેમાં અરજદારે રાંદેરઝોન અને વરાછાઝોનમાં માહિતી મેળવવા અંગે પૂરક અરજી પણ આપેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી માહિતી નહીં મળ્યાની રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ છે. અરજદારે અપીલમાં માહિતી અંગેની કોઈ નારાજગી દર્શાવેલ નથી અધૂરી માહિતી અંગે અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં કોઈ વિગતો જણાવેલ નથી અને વેસ્ટઝોન અને વરાછાઝોન માહિતી સંબધે સ્પષ્ટતા કરતાં પૂરક અરજી આપેલ છે. તેવું અત્રે અરજદારે રજૂ કરેલ પત્ર ઉપરથી જણાય છે. આમ અરજદારે પૂરક અરજીઓ અંગેમાહિતી મળેલ છે કે કેમ? તે પણ અપીલ તબકકે જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ત્રણેય જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવા દર્શાવેલ તૈયારીને અનુલક્ષી માંગેલ વિગતો સ્પષ્ટ કરી માહિતી મેળવવા તથા જાહેર માહિતી અધિકારીએ દફતરી તપાસણી કરવા પૂરી પાડેલ ઉપલબ્ધ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશ્નર(જનરલ),
તારીખ : –૩ –૧૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) )ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)(૨) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઈસ્ટ ઝોન (૩) ઝોનલચીફ અને જાહેર જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો. માયા વલેચા,